| | | | |
|---|---|---|---|
| GJBT020058992023 | | રજૂ તારીખ | ૨૧-૧૨-૨૦૨૩ |
| | સત્યમેવ જયતે | દાખલ તારીખ | ૨૧-૧૨-૨૦૨૩ |
| | | ફેંસલ તારીખ | ૨૭-૦૪-૨૦૨૬ |
| | | અવધિઃ- વર્ષ - માસ - દિવસ | |

**ફોજદારી કેસ નંબરઃ-૪૪૭૩/૨૦૨૩**
**આંકઃ-**

**(નમુનોઃ- અ)**

| **મહે.બોટાદના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા, મુ. બોટાદ, જિ.બોટાદ** | | |
|---|---|---|
| **ચૂકાદાની તારીખ** | - | ૨૭/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | - | ૪૪૭૩/૨૦૨૩ |
| **પોલીસ સ્ટેશન/** | - | બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન. |
| **એફઆઈઈર નંબર** | - | ગુના રજીસ્ટર નંબરઃ-૧૧૩૮/૨૦૨૩ |
| **ગુનો** | - | ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ |

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | - | સરકારશ્રી, | |
| **વિ.એ.પી.પી.શ્રી** | - | ડો.આર.આર.જાની | |
| **આરોપીઓ** | - | (૧)<br>(૨)<br>(૩)<br>(૪) | **સુરેશભાઇ પોપટભાઇ ખાંદળા,**<br>**અજયભાઇ કાંતીભાઇ ડાભી,**<br>**જશુબેન કાંતીભાઇ ડાભી,**<br>**નયનાબેન ગૌતમભાઇ લકુમ,**<br>નં.૧ -બોટાદ, ઢાંકણીયા રોડ, તુલસીનગર-૨,<br>નં.ર તથા ૩- બોટાદ, ઢાંકણીયા રોડ, મહાદેવનગર-૧,<br>નં.ર તથા ૩- બોટાદ, ઢાંકણીયા રોડ, મહાદેવનગર-ર,<br>તા.જિ.બોટાદ. |
| **આરોપીઓના વિ.વ.શ્રી** | - | | આર.ડી.ગીડા |

**(નમુનોઃ- બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | - | ૦૧ /૦૮ /૨૦૨૩ |
| **ફરિયાદની તારીખ** | - | ૦૧ /૦૮ /૨૦૨૩ |

| | | |
|---|---|---|
| **ચાર્જશીટની તારીખ** | – | ૨૧ / ૧૨ /૨૦૨૩ |
| **ચાર્જફ્રેમ તારીખ** | – | ૦૬ / ૦૪ /૨૦૨૪ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | – | ૦૮ / ૦૮ /૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | – | ૨૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | – | ૨૭/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | – | – |

**આરોપીઓની વિગત**

| **અ. નં.** | **આરોપીઓનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુક્તિ તારીખ** | **તહોમત** | **તકસીરવાન / નિર્દોષ** | **સજા** | **ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ કસ્ટડીમાં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સુરેશભાઈ પોપટભાઈ ખાંદળા | ૦૩/૦૮/૨૩ | ૦૩/૦૮/૨૩ | ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી એક્ટ કલમ–૧૩૫ | | | |
| ૦૨ | અજયભાઈ કાંતીભાઈ ડાભી | " | " | | | | |
| ૦૩ | જશુબેન કાંતીભાઈ ડાભી | " | " | | | | |
| ૦૪ | નયનાબેન ગૌતમભાઈ લકુમ | " | " | | | | |

**(નમુનોઃ– ક)**

**ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ–**

| **અનુ.નં.** | **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | **૧૩** | કૈલાશબેન ચમનભાઈ ચૌહાણની જુબાની | **ફરિયાદી** |
| ૨ | **૧૫** | હિતેશભાઈ ચમનભાઈ ચૌહાણની જુબાની | **સાહેદ** |
| ૩ | **૧૬** | હિતેશભાઈ ત્રીભુવનભાઈ કણજરીયાની જુબાની | **પંચ** |
| ૪ | **૧૮** | અલ્પેશભાઈ મનજીભાઈ મકવાણાની જુબાની | **પંચ** |

| | | | |
|---|---|---|---|
| ૫ | **૧૯** | ચમનભાઇ કેશુભાઇ ચૌહાણની જુબાની | **સાહેદ** |
| ૬ | **૨૦** | વિજયભાઇ વશરામભાઇ ખસીયાની જુબાની | **પંચ** |
| ૭ | **૨૨** | ચંદુભાઇ રામસંગભાઇ લીંબોલાની જુબાની | **પંચ** |
| ૮ | **૨૩** | ગૌતમભાઇ ચમનભાઇ ચૌહાણની જુબાની | **સાહેદ** |
| ૯ | **૨૪** | પ્રકાશભાઇ ચમનભાઇ ચૌહાણની જુબાની | **પંચ** |
| ૧૦ | **૨૬** | યોગેશભાઇ શંકરભાઇ દલવાડીની જુબાની | **સરકારી સાહેદ** |
| ૧૧ | **૨૯** | ચાપરાજભાઇ ભીખુભાઇ ચાવડાની જુબાની | **ત.ક.અ.** |
| ૧૨ | **૩૦** | ડો.મિલનકુમાર દિનેશભાઇ કંટેસરીયાની જુબાની | **મેડિકલ ઓફીસર** |

**ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત**

**(એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ–**

| **નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | **૧૪** | ફરિયાદની ખરીનકલ. |
| ૨ | **૧૭** | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. |
| ૩ | **૨૧** | આરોપી અટક તથા હથિયાર કબજે કર્યા પંચનામાની ખરીનકલ. |
| ૪ | **૨૭** | હથિયારબંધીનું જાહેરનામું |
| ૫ | **૨૮** | જાહેરનામાની દરખાસ્ત |
| ૬ | **૩૧** | સારવાર પ્રમાણપત્રની ખરીનકલ. |

## <u>ઠ રા વ</u>

**૧)** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદી બેન આરોપીના પત્ની સાથે વાતચીત કરતા હતા જેથી આરોપી નં.૧ એ ફરિયાદીને ગાળો આપતા જેની તેમણે ના પાડતા આરોપી નં.૧ એ લાકડી લઇ આવી તેના વડે ફરિયાદીને જમણા ખભા ઉપર મારેલ તથા આરોપી નં.૨ એ લાકડી લઇ આવી તેના વડે ફરિયાદીને ડાબા પગના સાથળના ભાગે મારતા ફરિયાદીને બચાવવા સાહેદ હિતેશભાઇ આવતા આરોપી નં.૩ એ લાકડી વડે સાહેદ હિતેશભાઇને જમણા હાથ ઉપર ઘા કરેલ અને આરોપી નં.૪એ લાકડી વડે હિતેશભાઇના જમણા પગના ઢીંચણ ઉપર મારી, ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, મે. જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે.

૨) ઉપરોક્ત હકિકતે આ કામના ફરિયાદીએ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા, પોલીસે ગુના રજીસ્ટર નંબરઃ-૧૧૩૮/૨૦૨૩, ઇ.પી.કોડની કલમઃ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ઇ.પી.કોડની કલમઃ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

૩) આ કામે આરોપીઓ જામીન ઉપર મુક્ત થયેલા હોય તેમને સમન્સ બજતાં હાજર થયેલા, ત્યારબાદ તેમને પોલીસ પેપર્સની નકલો ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૦૭ મુજબ મળી ગયાની ખાત્રી કર્યા બાદ ગુના સબંધી, આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, તે લગત આરોપીઓની જુબાની આંક-૦૫ થી આંક-૦૮ સુધી જુબાની રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીઓએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવતાં આ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ શરૂ કરવામાં આવેલ છે.

૪) **ફરિયાદી તરફે રજૂ થયેલ પુરાવો** ઉપર નમુના "ક" માં જણાવેલ છે, તેથી તેની પુનઃઉક્તિ કરેલી નથી.

૫) એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષનો પુરાવો મૌખિક રીતે પુર્ણ થયેલાનું જાહેર કરેલ ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓ જણાવે છે કે, **"અમો નિર્દોષ છીએ , અમોએ કરેલ ફરિયાદમાં દબાણ લાવવા માટે કરેલ છે. "**

૬) ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી આર.આર.જાનીની મૌખિક દલીલો સાંભળી તથા આ કામનો પુરાવો વંચાણે લીધો.

વધુમાં બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી આર.ડી.ગીડાએ આંક-૩૪ થી લેખિત દલીલો રજૂ કરેલ જે વંચાણે લીધેલ છે.

૭) આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી બેન આરોપીના પત્ની સાથે વાતચીત કરતા હતા જેથી આરોપી નં.૧ એ ફરિયાદીને ગાળો આપતા

જેની તેમણે ના પાડતા આરોપી નં.૧ એ લાકડી લઈ આવી તેના વડે ફરિયાદીને જમણા ખભા ઉપર મારેલ તથા આરોપી નં.૨ એ લાકડી લઈ આવી તેના વડે ફરિયાદીને ડાબા પગના સાથળના ભાગે મારતા ફરિયાદીને બચાવવા સાહેદ હિતેશભાઇ આવતા આરોપી નં.૩ એ લાકડી વડે સાહેદ હિતેશભાઇને જમણા હાથ ઉપર ઘા કરેલ અને આરોપી નં.૪એ લાકડી વડે હિતેશભાઇના જમણા પગના ઢીંચણ ઉપર મારી, ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, મ્હે.જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ઇ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**-: નિ ર્ણ યો :-**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૯) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ :-**
**ફરિયાદીનો પુરાવોઃ-**

**૧૦)** સામાન્ય રીતે ક્રિમીનલ કાર્યવાહીમાં ગુના અંગેની કાર્યવાહી ચાલતી હોય ત્યારે ફરીયાદપક્ષે દોષસિધ્ધી નિ:શંકપણે સાબીત કરવાની હોય છે. માત્ર થોડી ત્રુટીઓ હોય તેથી ફરીયાદીનો સમગ્ર કેસ ઉવેખી શકાય નહિ પરંતુ ફરીયાદપક્ષે ગુના અંગેની સાંકળતી કડી સ્પષ્ટ રીતે સાબીત કરવી જોઈએ ત્યારે આરોપીઓ વિરુધ્ધ દોષસિધ્ધી સાબીત માની શકાય.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદી પોતાની ફરીયાદમાં અને આંક-૧૩ વાળી જુબાનીમાં જે હકકીત જણાવે છે તે મુજબ આરોપીઓએ માત્ર સામાન્ય બોલવા જેવી બાબતમાં ફરીયાદી તથા સાહેદને માર મારી ઈજા કરેલ છે અને ઉકત હકીકત ફરીયાદીની જુબાનીમાં સ્પષ્ટપણે સાબીત થયેલ છે અને ફરીયાદી દ્વારા તે અં

ગેની સારવાર લીધેલ છે અને મેડીકલ ઓફીસરના પુરાવાથી તેને સમર્થન મળે છે ત્યારે ફરીયાદીની જુબાનીમાં ફરીયાદ અંગેની હકીકતો સ્પષ્ટપણે સાબીત થયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી તેમની લેખીત તેમજ મૌખીક રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદ મુજબ પોતાના ઘરની બહાર બજારમાં હું તથા પાડોશીની પત્ની આશાબેન વા/ઓ સુરેશભાઈનાઓ ની સાથે વાતા કરતા તે દરમ્યાન તેના પતી સુરેશભાઈ પોપટભાઈનાઓ ત્યાં પોતાની મો.સા. લઈને આવેલા અને બનાવ બનેલ તેવી ફરીયાદ છે જયારે ફરીયાદીની સરતપાસ મુજબ વાસણ ઉટકતી હતી ત્યારે બનેલ હતો. આમ બનાવની ફરીયાદમાં સ્થળ જાહેર રોડ પર રસ્તામાં અને સરતપાસ મુજબ બનાવનું સ્થળ ચોકડીમાં બનેલાનું જણાવે છે ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવેલ સ્થળ જુદું જણાવે છે.

આમ બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. આ કામે પ્રથમ તો ફરીયાદીની આંક-૧૩ થી સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે જેમાં ફરીયાદી ૧૦ વાગ્યા આસપાસ ઘરની બહાર ચોકડીમાં વાસણ ઉટકતી હતી ત્યારે બાજુમાં આશાબેન આવેલ અને વાત કરતા તેમના પતી આવી જતા તેમના પત્ની જોડે વાત ન કરવાનું કહેતા ઉછેકરાઈ જતા હાલનો બનાવ બનેલ તેવી હકીકત જણાવે છે પરંતુ ફરીયાદીની આંક-૧૪ વાળી ફરીયાદમા તેઓ ચોકડીમાં વાસણ કરતા હતા તેવી કોઈ હકીકતો જણાવેલ નથી એટલે કે ફરીયાદીની આંક-૧૩ વાળી જુબાની તથા આંક-૧૪ વાળી ફરીયાદમાં સ્પષ્ટપણે વિરોધાભાસ જોવા મળે છે કેમકે જો ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ જાહેર રસ્તા ઉપર ન બનેલ હોય તો ફરીયાદી પોતે ચોકડી અંગેની હકકીત ફરીયાદમાં લખાવી શકયા હોત પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદી ધ્વારા તેમની ફરીયાદમાં જણાવતા નથી અને પ્રથમ વખત તેમના સરતપાસમાં જણાવે છે ત્યારે બનાવ જાહેર સ્થળે બનેલ છે તેવી કોઈ હકીકત પ્રકાશમાં આવે છે.

વધુમાં બચાવપક્ષની લેખીત દલીલમાં જણાવે છે કે, આ કામના ફરીયાદીની ફરીયાદમાં ભુંડા બોલી ગાળો દેવા લાગેલ જેથી મે તે સુરેશભાઈને ગાળો દેવાની ના પાડેલ જેથી તેઓ ઉછેકરાઈ ગયેલ અને તેમની મોટર સાયકલ સાથે રાખેલ લાકડી લઈને મને એક જ ઘા જમણા હાથના ખભા ઉપર મારી દીધેલ ત્યારે તેણે તેના ફોનથી તેના ભાણેજ અજયને જાણ કરેલી જેથી તેનો ભાણો અજય તથા તેના

મમ્મી જશુબેન કાંતીભાઈ તથા નયનાબેન હાથમાં લાકડીઓ લઈને આવેલ.

આ કામે ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓ સરતપાસમાં સુરેશભાઈ પોપટભાઈ તેમની મો.સા લઈ આવી ગયેલ અને ગાડીમાં લાકડી હતી અને આવી ભુંડા ગાળો બોલી દેવા લાગેલ તેવી હકીકત જણાવે છે પરંતુ આંક-૧૪ વાળી ફરીયાદમાં ઝગડો થવાની વાત જણાવી મો.સા.માં થી લાકડી લઈ આવી ઈજા કરેલ તેવી હકીકત જણાતી નથી એટલે કે ફરીયાદીની ફરીયાદ તથા જુબાનીમાં વિરોધાભાસ જોવા મળે છે. વધુમાં આરોપીનાઓ તેમની પત્નીને ફરીયાદી સાથે ઝગડો થયેલ છે જેથી તેઓને બોલાવવાનું ના પાડે છે એટલે કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી તકરાર ચાલતી આવે છે તેવી હકીકત ઉજાગર થાય છે.

વધુમાં ફરીયાદીના સમગ્ર પુરાવામાં તેઓ અને તેમનો દીકરો સારવાર લેવા માટે રીક્ષામાં સબીહા હોસ્પિટલમાં ગયેલા ત્યારે તેઓ સંપુર્ણ ભાનમાં હતા ત્યારે ફરીયાદીએ પ્રથમ સારવાર લીધેલ અને ત્યારબાદ હાલની ફરીયાદ આપેલ અને કોઈપણ યાદી વિના તેઓ સારવાર કરાવવા માટે સબીહા હોસ્પિટલ ગયેલ ત્યારે હાલનો બનાવ અન્ય બનાવના ભાગરૂપે બનેલ છે તેવી હકીકત પ્રથમદીષ્ટએ જણાઈ આવે છે.

**<u>સાહેદોનો પુરાવોઃ-</u>**

**૧૧)** વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૫ થી સાહેદ હીતેશભાઈ ચમનભાઈ ચૌહાણ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની વંચાણે લીધી. ઉપરોકત સાહેદ ફરીયાદીની આંક-૧૪ વાળી ફરિયાદ મુજબ સદરહું સાહેદ નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદ છે અને ફરીયાદીની ફરીયાદ મુજબની હકકીતને સમર્થન આપવાની કોશીશ કરતા દેખાય છે અને ઉપરોકત સાહેદ અને ફરીયાદીને આરોપીઓએ માર મારતા તેઓ સારવાર કરાવવા માટે સોનાવાલા હોસ્પિટલ ગયેલા જયારે આંક-૧૪ વાળી ફરીયાદમાં ફરીયાદી સબીહા હોસ્પિટલમાં સારવાર માટે ગયેલ તેવી હકીકત અને સાહેદની ઉલટતપાસમાં તેઓ સોનાવાલા હોસ્પિટલમાં સારવાર લેવા ગયેલ તેવી હકીકતનો સ્વીકાર કરે છે ત્યારે સાહેદ અને ફરીયાદી સોનાવાલા હોસ્પિટલ સારવાર લેવા ગયેલ કે સબીહા હોસ્પિટલ સારવાર માટે લેવા ગયેલ તેવી હકીકત શંકા ઉપજાવે છે જયારે કે ફરીયાદ અને સાહેદની જુબાનીમાં તેઓને ઈજા થયા બાદ સારવાર કયા કરાવેલ તે હકીકતની જાણ ન હોય

ત્યારે ફરીયાદ મુજબના બનાવમાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને માર મારી ઈજા કરેલ છે તેવી હકીકત સાબીત થતી નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ ચમનભાઈ કેશુભાઈ ચૌહાણ તથા આંક-૨૩ થી સાહેદ ગૌતમ ચમનભાઈ ચૌહાણ તથા આંક-૨૪ થી સાહેદ પ્રકાશ ચમનભાઈ ચૌહાણનાઓની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે ઉપરોકત સાહેદો ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદની જુબાનીને સમર્થન આપવાનો પ્રયત્ન કરતા જોવા મળે છે પરંતુ તેઓ બનાવ વખતે ઘરે હાજર ન હતા તેવી હકીકત જણાવે છે જેથી તેઓને બનાવ અંગેની અંગત માહિતી નથી તેમ જણાવે છે ત્યારે જે બનાવ બનેલ છે તે અંગેની માહિતી ફરીયાદી તેમજ સાહેદે જણાવેલ છે તે મુજબની જણાવે છે અને તેઓને બનાવ કેવી રીતે બનેલ તેવી કોઈ હકીકતની જાણ નથી ત્યારે તેઓ બનાવની હકિકતવાળી આંક-૧૪ વાળી ફરિયાદ વિરૂદ્ધની હકિકતો જણાવતા હોય જેથી ફરિયાદને સમર્થન આપે છે તેમ કહી શકાય નહીં.

આમ, ફરિયાદપક્ષ દ્વારા જે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓએ બનાવની હકિકતવાળી ફરિયાદ મુજબ આરોપીઓએ હથિયાર ધારણ કરી ફરિયાદીને માર મારેલાની તેમજ ઉલટતપાસમાં ધમકી આપેલ હોય તેવું સાહેદોએ નજરે જોયેલ નથી ત્યારે આંક-૧૪ વાળી ફરિયાદને ઉપરોક્ત તમામ સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી તેમજ વિરૂદ્ધની હકિકતો જણાવતા હોય જેથી ફરિયાદને સમર્થન આપે છે તેમ કહી શકાય નહીં.

**<u>પંચોનો પુરાવો</u>-**

**૧૨)** ફરિયાદપક્ષે આંક-૧૬ થી પંચ હીતેશભાઈ ત્રીભુવનભાઈ કણઝરીયા તથા આંક-૧૮ થી પંચ અલ્પેશભાઈ મનજીભાઈ મકવાણાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૧૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં સહી કરેલાની હકિકત જણાવે છે તેમજ બનાવવાળી જગ્યા બતાવેલ તેવી હકીકત જણાવે છે પરંતુ પંચો લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવી હકીકત બનેલાનો ઈન્કાર કરે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લઈ લીધેલ ત્યારે બનવાવાળી જગ્યાનું પંચનામું પંચોએ લખાવેલ હોય તેવી હકીકત જણાતી નથી.

વધુમાં આંક-૨૦ થી પંચ વિજયભાઈ વશરામભાઈ ખસીયા તથા આંક-૨૨ થી પંચ ચંદુભાઈ

રામસંગભાઈ લીંબોલાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૧ વાળા આરોપીઓના અટક પંચનામામાં તેઓએ સહી કરેલ છે તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કર્યાનો ઈન્કાર કરેલ છે ત્યારે આંક–૨૦ વાળા પં ચનામાની કાર્યવાહી તેમની રૂબરૂમાં થયેલ છે તેવી હકીકત સાબીત થથી નથી.

આમ, આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેથી આ કામે રજૂ થયેલ અટક અને હથિયાર તથા ગુનાવાળી જગ્યાનું પંચનામા પુરવાર થતા નથી ત્યારે આંક–૧૪ વાળી ફરિયાદની હકિકતને કોઇ પણ રીતે સમર્થન મળતું નથી, તેવું આ કોર્ટ માને છે.

**<u>સરકારી સાહેદનો પુરાવોઃ–</u>**

**૧૩)** વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૬ થી જાહેરનામાના જાણકાર કલાર્ક યોગશભાઈ શંકરભાઈ દલવાડી ને સોગંદ ઉપર તપાસેલ છે અને તેમની જુબાનીમાં આંક–૨૭ થી જાહેરનામું તથા આંક–૨૮ થી જાહેરનામાની દરખાસ્ત રજૂ રાખેલ છે પરંતુ બનાવ વખતે જાહેરનામું અમલમાં હતું તેમજ જાહેરનામું માત્ર તે બહાર પાડનાર અધિકારીના પુરાવાથી જ સાબિત માની શકાય નહીં અને આવું જાહેરનામું જે તે વિસ્તારમાં દાંડી પીટીને જાહેર જનતામાં બજવણી કરાવેલ છે તેવી હકિકત પણ સાહેદની જુબાનીમાંથી સાબિત થતી ન હોય ત્યારે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના આક્ષેપો સાબિત માની શકાય નહીં.

**<u>મેડિકલ ઓફીસરનો પુરાવોઃ–</u>**

**૧૪)** વધુમાં ફરિયાદપક્ષે ફરિયાદમાંની હકિકત પુરવાર કરવા માટે આંક–૩૦ થી ડો.મિલનકુમાર દીનેશભાઈ કંટેસરીયા ની સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની વંચાણે લીધી. તેઓની જુબાનીમાં ઈજા પામનાર ફરીયાદી કૈલાસબેન નાઓએ હીસ્ટ્રી જણાવેલ હોય તે હકીકતનો ઈન્કાર કરે છે એટલે કે આંક–૧૪ મુજબનો બનાવ ફરીયાદી અને આરોપીનાઓ વચ્ચે બનેલ છે ત્યારે ફરીયાદીની આંક–૩૨ મુજબની ઈજા મેડીકલ ઓફીસરના જણાવ્યા મુજબની ગં ભીર ન હોવા છતાં ફરીયાદી દ્વારા બનાવ અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરીયાદી અને ઈજા પામનાર કેટલા વાગે સબીહા હોસ્પિટલમાં સારવાર લેવા માટે પહોંચેલ તેવી કોઈ હકીકત મેડીકલ સારવાર સર્ટી.માં જણાતી નથી. વધુમાં મેડીકલ સારવાર કરનાર ડોકટર દ્વારા આંક–૩૨

વાળા સારવાર સર્ટી.માં સહી કરેલ છે તેવી હકીકત જણાવે છે પરંતુ મેડીકલ ઓફીસર ધ્વારા સારવાર કરી તેમનું નામ લખી આવી કોઈ સહી કરેલ હોય તેવી હકીકત જણાતી નથી. વધુમાં મેડીકલ ઓફીસર ધ્વારા ફરીયાદી તથા સાહેદોને અન્ય કોઈ જગ્યાએ રીફર કરેલ હોય તેવી હકીકત જણાતી નથી ત્યારે ફરીયાદી અને સાહેદને જે ઈજા થયેલ છે તે હાલના બનાવના ભાગરૂપે જ થયેલ છે તેવી હકીકત સાબીત થતી નથી.

**તપાસ કરનાર નો પુરાવોઃ–**

**૧૫)** ફરિયાદપક્ષે આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર ચાપરાજભાઈ ભીખુભાઈ ચાવડા ની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ ગુના અંગેની તપાસ મળતા સંભાળી લીધેલ, તપાસના કામે આરોપી અટક તથા હથિયાર કબજે તથા ગુનાવાળી જગ્યા અંગેના પંચનામા કરેલ અને સાહેદોના નિવેદનો લીધેલા, ઈજાપામનારનું સારવાર પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ, હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોય જાહેરનામાની નકલ તપાસના કામે સામેલ રાખેલ અને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેવી હકિકત જણાવે છે. વધુમાં બચાવપક્ષ દ્ધારા કરેલી ઉલટતપાસમાં જણાવે છે કે, ફરીયાદી તથા સાહેદે સોનાવાલા હોસ્પિટલ સારવાર લીધેલ હોય તેવી હકીકત જણાતી નથી. હાલનો બનાવ જાહેર જગ્યાએ બનેલ છે તેમજ ફરીયાદી ચોકડીમાં વાસણ ઉટકતા હોય તેવી હકીકત પણ ખુલવા પામેલ નથી ત્યારે સાહેદની જુબાનીથી સ્પષ્ટ થાય છે કે બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી આવવાની શક્યતા હોવા છતાં તેમના નીવેદન નોંધેલ નથી તેમજ સામાસામે ફરીયાદ થયેલ છે તેવી હકીકત તેઓ સ્વીકારે છે ત્યારે આરોપીઓએ હથિયારો ધારણ કરી ફરિયાદીને તથા સાહેદને માર મારી ધમકી આપેલ હોય તેવી હકિકત ફરિયાદી તથા સાહેદોની જુબાનીથી શંકારહિત સાબિત કરેલ ન હોય ત્યારે તપાસ કરનારની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

**૧૬)** આ કામે હાલના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૫૦૪ મુજબના આક્ષેપો હોય ત્યારે જે વ્યકિતનું અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનું અપમાન ઈરાદાપુર્વક કરવામાં આવેલ હોવોનું તથા તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવું પુરવાર કરવું ફરિયાદપક્ષે જરૂરી છે. ક્યાં શબ્દો વડે ભોગ બનનારનું અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની

કલમ–૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય શકાય નહીં. વધુમાં નામદાર શ્રીગુજરાત હાઇકોર્ટે પ્રવિણભાઇ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૭(૧) જી.એલ.એચ., ૩૩૭ નાં ચૂકાદામાં ઠરાવ્યું છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણ અપમાન માત્ર ઈરાદાપુર્વકનું જ નહીં પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઇએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શક્ય નથી કે આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ ઉપરના કેસમાં ફરિયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ પર રજૂ કરી શકેલ નથી.

આ કામે હાલના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૫૦૬(૨) ના ગુન્હા સંદર્ભે જોઇએ તો ફરિયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ બનાવ સમયે ખરેખર ક્યાં ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરૂપે પણ જણાવેલ નથી. આમ માત્ર ગાળો દીધેલાનો આક્ષે કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહીં તે જ રીતે આરોપીઓએ આપેલ મારી નાખવાની ધમકીની ફરિયાદી કે સાહેદ ઉપર અસર થયેલાની હકિકત પણ પુરવાર થતી નથી. આમ, આ કિસ્સામાં પણ આરોપીએ ખરેખર ઉચ્ચારેલ ગાળોના શબ્દો રેકર્ડ ઉપર લેખિત કે મૌખિક પુરાવા સ્વરૂપે રજૂ થયેલ નથી તથા આરોપીએ આપેલ ગુન્હાહીત ધમકીની કોઇ અસલ ભોગ બનનાર ઉપર થયેલાની હકિકત પણ પુરવાર થતી નથી. જેતી, આરોપીઓને તેમની સામેના ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવાથી ફરિયાદમાં જણાવેલ હકિકત નિઃશંકપણે સાબિત થયેલ હોવાનું માની શકાય તેમ નથી અને તેથી આરોપીઓએ ફરિયાદી સાથે આવું કોઇ કૃત્ય કરેલ હોય તેમ માની શકાય નહીં.

**૧૭)** આમ, સમગ્ર હકિકતને લક્ષમાં રાખતાં, રજૂ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ જતો હોય મુદ્દા નં.૧ નો જુવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: આ ખ રી હુ ક મ :–

૧. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે, આરોપી (૧) **સુરેશભાઇ પોપટભાઇ ખાંદળા,** નં.૧ રહે.–બોટાદ, ઢાંકણીયા રોડ, તુલસીનગર–૨, આરોપી (૨) **અજયભાઇ કાંતીભાઇ ડાભી,** આરોપી (૩) **જશુબેન કાંતીભાઇ ડાભી,** નં.ર તથા ૩ રહે.– બોટાદ, ઢાંકણીયા રોડ, મહાદેવનગર–૧, તથા આરોપી (૪) **નયનાબેન ગૌતમભાઇ લકુમ** તમામ

રહે–બોટાદ, ઢાંકણીયા રોડ, મહાદેવનગર–૨, તા.જિ.બોટાદનાઓને ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતી નં.૩૬૭/૨૦૨૩ માં દર્શાવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીઓએ અગાઉ ટ્રાયલ માટે આપેલા જામીન ખત રદ કરવામાં આવે છે. તેમજ આરોપીઓએ ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ–૨૭/૦૪/૨૦૨૬
મુકામઃ–બોટાદ

(ભાવેશભાઇ ગોવીંદભાઇ સોલંકી)
અધિક જ્યુડિશિયલ મેંજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, બોટાદ
(જજ કોડ–જીજે૦૦૯૭૬)